કે.ડી NEWS
તારીખ : 15/01/2026

# ગુજરાત સરકાર દ્વારા 'કરુણા અભિયાન' હેઠળ વન વિભાગ અને પશુપાલન વિભાગ તેમજ પોલીસ વિભાગ અને સેવાભાવી સંસ્થાઓનો માનવતાવાદી અભિગમ





## શાળાના બાળકોમાં જનજાગૃતિ અને 5000 પત્રિકા વિતરણ દ્વારા પક્ષી બચાવવાનો સંદેશ ફેલાવાયો

### નોર્મલ રેન્જ સામાજિક વનીકરણ રેન્જ સાવરકુંડલા અને NGO ના સંયુક્ત પ્રયાસોથી ૪ ઘાયલ પક્ષીઓને નવજીવન મળ્યું

સાવરકુંડલા: ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા 'કરુણા અભિયાન' ને સાર્થક કરવા માટે અમરેલી જિલ્લામાં વન વિભાગ, પશુપાલન વિભાગ અને સેવાભાવી સંસ્થાઓ ખભેખભો મિલાવીને કાર્ય કરી રહી છે. સાવરકુંડલા ખાતે સામાજિક વનીકરણ રેન્જ (નોર્મલ રેન્જ), વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ અને તાત્કાલિક હનુમાનજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જીવમાત્રના રક્ષણ માટે પ્રશંસનીય જહેમત ઉઠાવવામાં આવી રહી છે. સરકારશ્રીના આ અભિયાનને સાર્થક કરવાના સેવાભાવથી સમગ્ર જિલ્લામાં અનેક અબોલ પક્ષીઓ અને અન્ય જીવોના જીવ બચાવી લેવાયા છે.ઉત્તરાયણ પર્વ દરમિયાન આકાશમાં વિહરતા અબોલ પક્ષીઓ ઘાતક દોરીથી ઘાયલ ન થાય તે હેતુથી સાવરકુંડલા શહેરની તમામ શાળાઓમાં વિશેષ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને માર્ગદર્શક પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું અને સમજાવવામાં આવ્યું હતું કે, આપણો ઉત્સવ પક્ષીઓ માટે જીવલેણ ન બનવો જોઈએ.ઉતરાયણ પર્વ દરમિયાન લોકોમાં સુરક્ષિત સવારી માટે જાગૃતિ ફેલાવવામાં આવી હતી, જેમાં ટુ-વ્હીલર ચલાવતી વખતે હેલ્મેટ અને ગળાના સેફ્ટી ગાર્ડનો ઉપયોગ કરવા તેમજ વીજળીના તાર પર ફસાયેલી દોરી ન ખેંચવા જેવી મહત્વની બાબતો પર ભાર મૂકવામાં આવ્યો હતો.વ્યાપક પ્રચાર અને જનજાગૃતિના પરિણામે આ વર્ષે પક્ષીઓ ઘાયલ થવાની ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. નોર્મલ રેન્જ સામાજિક વનીકરણ રેન્જ તેમજ વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ સાવરકુંડલાના કંટ્રોલ રૂમ દ્વારા તાત્કાલિક એક્શન લઈ અત્યાર સુધીમાં ૪ ઘાયલ પક્ષીઓને ત્વરિત સારવાર આપી નવજીવન આપવામાં આવ્યું છે.નોંધનીય છે કે વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૧૯ વર્ષથી અબોલ જીવોની સેવાનું કાર્ય કરી રહ્યું છે. સંસ્થા દ્વારા જાહેર જનતાને હૃદયપૂર્વક અપીલ કરવામાં આવી છે કે,"જો આપના ધ્યાને રસ્તા પર કે અન્ય કોઈ જગ્યાએ પતંગની ઘાતક દોરી દેખાય, તો પક્ષી કે માનવી માટે જોખમી બનતી અટકાવવા આપ જાતે જ તેનો સલામત રીતે નિકાલ કરશો."પશુપાલન વિભાગ, વન વિભાગ અને સ્થાનિક સંસ્થાઓના શ્રેષ્ઠ સંકલનને કારણે સમગ્ર અમરેલી જિલ્લામાં તેમજ સાવરકુંડલામાં'કરુણા અભિયાન'ખરા અર્થમાં માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે.

તારીખ : 15/01/2026

# આજે ભારતીય સેના દિવસ.




ભારતીય સેના દિવસ એ ફિલ્ડ માર્શલ એમ. કરિઅપ્પાએ (તત્કાલીન લેફ્ટનન્ટ જનરલ) ૧૫ જાન્યુઆરી, ૧૯૪૯ના રોજ ભારતના છેલ્લા બ્રિટિશ કમાન્ડર-ઈન-ચીફ જનરલ ફ્રાન્સિસ બુચેર પાસેથી ભારતીય સેનાના પ્રથમ કમાન્ડર-ઈન-ચીફ તરીકેનો કાર્યભાર સંભાળ્યાના માનમાં દર વર્ષે ૧૫ જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે.આ દિવસ રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં તેમજ તમામ મુખ્યાલયમાં પરેડ અને અન્ય લશ્કરી પ્રદર્શનોના રૂપમાં ઉજવવામાં આવે છે.૧૫ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ નવી દિલ્હી ખાતે ૭૩મો ભારતીય સેના દિવસ ઉજવવામાં આવ્યો હતો. સેના દિવસ એ બહાદુર સૈનિકો જેમણે દેશ અને તેના નાગરિકોની સુરક્ષા માટે પોતાનું બલિદાન આપ્યું હોય તેમને સલામ કરવાનો દિવસ છે.આ દિવસની દેશભરમાં ઉજવણી થાય છે. મુખ્ય આર્મી ડે પરેડ દિલ્હી કેન્ટોનમેન્ટના કરિઅપ્પા પરેડ મેદાનમાં યોજવામાં આવે છે. આ દિવસે વીરતા પુરસ્કારો અને સેના મેડલ પણ એનાયત કરવામાં આવે છે. ૨૦૨૦માં ૧૫ સૈનિકોને બહાદુરી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. પરમવીર ચક્ર અને અશોક ચક્ર પુરસ્કાર વિજેતાઓ દર વર્ષે આર્મી ડે પરેડમાં ભાગ લે છે. લશ્કરી આયુધો, અસંખ્ય ટુકડીઓ અને લડાયક પ્રદર્શન પરેડનો ભાગ છે. ૨૦૨૦માં, કેપ્ટન તાનિયા શેરગિલ આર્મી ડે પરેડની કમાન સંભાળનારા પ્રથમ મહિલા અધિકારી બન્યા હતા.

કે.ડી NEWS
તારીખ : 15/01/2026

# સાવરકુંડલામાં સ્માર્ટ GIDC મંજૂર થતાં ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાળાનો હાર્દિક આભાર!ઔદ્યોગિક વિકાસની નવી કેડી ખુલશે, રોજગારીની અનેરી તકો ઊભી થશે



રાજકોટ ખાતે યોજાયેલી Vibrant Gujarat Regional Conferenceમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉપમુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ગુજરાતમાં ૧૩-૧૪ નવી સ્માર્ટ GIDCની ઐતિહાસિક જાહેરાત થઈ. આમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલાને પણ સ્થાન મળ્યું છે – જે વર્ષોની રાહ જોઈ રહેલા ઉદ્યોગકારો, વેપારીઓ અને યુવાનો માટે ખુશીનો સમાચાર છે!આ સિદ્ધિ માટે સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાની અથાગ મહેનત, સતત પ્રયાસો અને કેન્દ્ર-રાજ્ય સરકાર સાથેના સંકલનને હાર્દિક આભારી છીએ. તેમના નેતૃત્વ હેઠળ જ આ લાંબા સમયથી રાહ જોવાતી સ્માર્ટ GIDC (ખાસ કરીને બોઘરિયાણી ખાતે) મંજૂર થઈ છે, જેનાથી સ્થાનિક ઔદ્યોગિક વિકાસને નવો વેગ મળશે.આ પ્રસંગે અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી શ્રી રાજુભાઈ શીંગાળા, શ્રી અશ્વિનભાઈ સાગર (સાગર મશીનરી) અને વેપારી મહામંડળના ઉપપ્રમુખ શ્રી જગદીશભાઈ માધવાની તરફથી ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાળાનો ખાસ આભાર વ્યક્ત કરવામાં આવે છે. આ નિર્ણયથી સાવરકુંડલા અને આસપાસના વિસ્તારમાં રોજગારીની હજારો નવી તકો ઊભી થશે, યુવાનોનું સ્થળાંતર ઘટશે અને સમગ્ર વિસ્તારનો સર્વાંગી વિકાસ થશે.આપણે સૌ એકજૂટ થઈને આ સ્માર્ટ GIDCને સફળ બનાવીએ અને સાવરકુંડલાને ઔદ્યોગિક મેદાનમાં નવી ઊંચાઈઓ અપાવીએ!

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%®

www.headway.guru
908 1 24 1 916

## “મોડું નથી થયું, સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ હજી ચાલુ છે.”

વિશ્વાસ જયાં છે, ત્યાં ઉત્સવ લંબાય છે.

## હવે આપના સૌભાગ્યની નવી તારીખ ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી.




માત્ર ₹૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો*

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

શ્રી ગોકુલ જ્વેલર્સ
એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા.
મો. 95373 12695, 94262 80911

*શરતો લાગુ


કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

# ધર્મ જગતના ઈતિહાસમાં પ્રથમ વખત જૈન મુની દ્વારા રામકથાનું આયોજન

## દિલ્લી ખાતે આરંભાશે મોરારીબાપુની રામકથા "માનસ સનાતન ધર્મ"

## ભારત રાષ્ટ્રના બે પ્રમુખ ધર્મની પાવન ધારાઓનો સંગમ સધાશે




મોરારીબાપુની પ્રત્યેક કથા નૂતન નુતન સંદેશ સાથે ગવાતી હોય છે. બાપુની આગામી કથા દિલ્લીના "ભારત મંડપ" માં ૧૭ ડિસેમ્બરથી આરંભાઈ રહી છે. કથાની મુખ્ય વિશેષતા એ છે કે જૈન આચાર્ય પૂજ્ય શ્રી લોકેશ મુની આ કથાના મનોરથી છે. રાષ્ટ્રના કથા જગતની આ પ્રથમ ઘટના છે, જ્યારે કોઈ જૈન આચાર્યના તત્વાધાનમાં સનાતન હિન્દુ ધર્મની કથાનું ગાન થઈ રહ્યું છે.પૂજ્ય બાપુની" માનસ સનાતન ધર્મ" શિર્ષક અંતર્ગત ગવાનારી આ કથામાં ભારતના બે પુરાતન ધર્મની પાવન ધારાઓનો સંગમ સધાશે.અધ્યાત્મ જગતની અનુપમ ઘટના તરીકે ઈતિહાસમાં એ અંકિત થશે. રાષ્ટ્રની ભાવાત્મક એકતા માટેનું આ શુભ શુકન છે.સર્વ વિદિત છે કે પૂજ્ય બાપુ સ્વીકારક સાધુ છે. જ્યાં શુભ આશય સાથે, જન કલ્યાણ અર્થે કાર્ય થતું હોય ત્યાં એમનો રાજીપો હોય છે. એટલું જ નહી, એવી મંગળ પ્રવૃત્તિ માટે બાપુ સામેથી કથા આપે છે. ઘટના એવી બની કે શ્રી લોકેશ મુનીએ "વિશ્વ શાંતિ કેન્દ્ર"ની સ્થાપના કરી, જેનું ઉદ્ઘાટન બીજી માર્ચ, ૨૦૨૫ ના રોજ પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથજી કોવિદ દ્વારા ગુરુગ્રામ (હરિયાણા) ખાતે કરવામાં આવેલું. આ સમારંભમાં પૂજ્ય મોરારીબાપુ ઉપરાંત શ્રી શ્રી રવિશંકરજી, સ્વામી રામદેવ, હરિયાણાના મુખ્યમંત્રી શ્રી નાયબસિંહ સૈની, બિહારના રાજ્યપાલ શ્રી આરીફ મોહમ્મદ ખાન વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા. એ સમયે પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી એ વિશ્વ શાંતિ કેન્દ્ર માટે પૂજ્ય બાપુની કથા થાય એવો ભાવ પ્રકટ કરેલો. પૂજ્ય બાપુએ એ જ વખતે વિશ્વ શાંતિ સંસ્થાને કથા આપી દીધી અને કથાનું નામકરણ પણ ઘોષિત કરી દીધું. એ રીતે દિલ્લી ખાતે "માનસ સનાતન ધર્મ" વિષય પર કથા ગાન થનાર છે.મોરારીબાપુના મતે સનાતન ધર્મની પ્રસ્થાન ત્રયી છે - સત્ય, પ્રેમ અને કરુણા. વિશ્વનો કોઈ પણ ધર્મ આ સૂત્ર- ત્રયીનો અસ્વીકાર કરી શકે નહીં. એમાં પણ જૈન ધર્મ તો ભારતની પુણ્ય ભૂમિ પર પ્રકટેલું પવિત્ર - સુવાસિત પુષ્પ છે. વિદ્વાનોના મતે ઈસા પૂર્વેના સાડાત્રણ હજાર વર્ષ પૂર્વેના હડપ્પા સંસ્કૃતિના અવશેષોમાં પણ જૈન ધર્મના તીર્થંકરોની પ્રતિમાઓ મળી આવી છે. વેદોમાં પણ જૈન ધર્મ નો ઉલ્લેખ મળે છે. એ રીતે જૈન ધર્મ પરંપરા પણ સનાતન ધર્મ પરંપરા જેટલી પુરાતન હોવાની માન્યતા છે. ચોવીસ તીર્થંકરોએ એ પરંપરામાં પ્રાણ પૂર્યા છે. જૈન ધર્મનું પ્રમુખ સૂત્ર અહિંસા છે. સનાતન ધર્મ પણ અહિંસાને "પરમ ધર્મ" તરીકે સ્વીકારે છે. બાપુએ "માનસ અહિંસા" પર કથા કરેલી છે. તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીની વંદના રૂપે પણ બાપુએ કથા ગાન કરેલું છે. ભગવાન રામે પોતાની અવતાર લીલાનું સર્વ શ્રેષ્ઠ કાર્ય "સેતુબંધ" રૂપે કર્યું છે. સમાજના ઉપેક્ષિત, પતિત, વંચિત, અસ્પૃશ્ય અને છેવાડાના માનવી પાસે સામે ચાલીને પ્રભુ રામ ગયા છે અને રામ રાજ્યમાં સામાજિક સદ્ભાવ, સમરસતા અને સર્વના સ્વીકારનો સંદેશ વિશ્વ સમક્ષ મૂક્યો છે. જૈન ધર્મમાં પણ મહાવીર સ્વામી ભગવાનની કરુણાનું દર્શન છે. એ સંદર્ભમાં સનાતન ધર્મ ઉપરની આ કથા પણ સમાજમાં સેતુબંધ રચવા તરફની યાત્રા બની રહેવાની છે.વર્તમાન વિશ્વ યુદ્ધના ઉન્માદથી ઘેરાયેલું છે. ચોતરફ નફરતની આંધી ફૂંકાઈ રહી છે. હિંસાએ હાહાકાર મચાવ્યો છે. એવા સમયે શ્રી લોકેશ મુની મહારાજનો વિશ્વ શાંતિ માટેનો પ્રયાસ પ્રશંસનીય છે. વિશ્વ શાંતિના આ યજ્ઞમાં બાપુ કથા દ્વારા આહુતિ અર્પણ કરવા દિલ્લી પધારી રહ્યા છે.બાપુના કુલ કથા ક્રમની ૯૭૧ મી કથામાં સનાતન ધર્મના અનેક મહત્પાદ મહાપુરુષો ઉપરાંત રાજકિય ક્ષેત્રના શિર્ષસ્થ નેતાઓ ઉપસ્થિત રહેનાર છે. મુનીશ્રીએ રાષ્ટ્રના અનેક મહાપુરુષોને કથામાં પધારવા રૂબરૂ જઈને આમંત્રણ આપ્યું છે. અન્ય ધર્મના શિર્ષસ્થ વિભુતિઓને પણ મુનીશ્રીએ કથામાં પધારવા નિમંત્રણ પાઠવ્યું છે.બાપુના શ્રી મુખથી પ્રવાહિત થનાર માનસ ગાનના શ્રવણ માટે વિશ્વનું ધર્મ જગત તત્પર બન્યું છે.

કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

# સાવરકુંડલાના વિકાસમાં નવો અધ્યાય: ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના ભગીરથ પ્રયાસોથી સાકાર થશે 'સ્માર્ટ GIDC

**વિકાસના મશાલથી મહેશભાઈ કસવાલાનું ભવ્ય સન્માન: ૧૦૦ હેક્ટરમાં ફેલાયેલી આધુનિક GIDC સાવરકુંડલાને બનાવશે 'ઉદ્યોગ નગર'**

**વિવીધ વેપારી મંડળો અને સંસ્થાઓ દ્વારા ધારાસભ્યશ્રીનો ઋણ સ્વીકાર સન્માન પ્રધાનમંત્રીને સમર્પિત યુવાનો માટે રોજગારીના દ્વાર ખુલશે**

**નરેન્દ્ર મોદીના વિજન અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ,નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની સાવરકુંડલા પ્રત્યેની સકારાત્મક અભિગમની વિશેષ નોઘ લીધી.**







સ્માર્ટ જી.આઈ.ડી.સી ની વિશેષતા કસવાલાએ વર્ણવી, જી.આઈ.ડી.સી. સબંધિત તમામ કાર્યવાહીને ખુલ્લા પંચ પરથી કસવાલાએ વર્ણવી, ખેતઓજારો મેન્યુફેક્ચરિંગ,કાંટા ઉદ્યોગ હીરા ઉદ્યોગ,અને કૃષિ પ્રોડકટના ઉત્પાદનો માટે જી.આઈ.ડીસી. આશીવાર્દરૂપ બનશે..સાવરકુડલા અને લીલીયા વિધાનસભા ક્ષેત્રના લોકપ્રિય અને વિકાસશીલ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાની દીર્ઘદ્રષ્ટિ અને સતત પાંચ વર્ષના અથાગ પરિશ્રમને અંતે સાવરકુંડલાને *"સ્માર્ટ GIDC"*ની ભવ્ય ભેટ મળી છે. આ ઐતિહાસિક સિદ્ધિને હર્ષોલ્લાસ સાથે વધાવવા માટે સાવરકુંડલાના વિવિધ વેપારી મંડળો, ઉદ્યોગ એસોસિએશન અને સામાજિક અગ્રણીઓ દ્વારા સોની જ્ઞાતિની વાડી ખાતે એક ગરિમાપૂર્ણ અભિવાદન સમારોહ યોજાયો હતો.સ્માર્ટ GIDCની વિશેષતાઓ ધારાસભ્યશ્રીના પ્રયત્નોથી મંજૂર થયેલી આ સ્માર્ટ GIDC સાવરકુંડલાના અર્થતંત્રમાં પ્રાણ ફૂંકશે:બોઘરીયાના ઘજડી ગામ પાસે આશરે ૧૦૦ હેક્ટર (૪ લાખ ચોરસ મીટર) જમીનમાં આ આધુનિક ઔદ્યોગિક વસાહત નિર્માણ પામશે,સીસીટીવી કેમેરા, અત્યાધુનિક પાકા રસ્તાઓ, અને ૨૪ કલાક પાણી-વીજળી જેવી સુવિધાઓથી આ G I D C સજ્જ હશે.આ પ્રોજેક્ટથી સ્થાનિક સ્તરે હજારો રોજગારીની તકો ઉભી થશે, જેનાથી યુવાનોનું મોટા શહેરો તરફનું સ્થળાંતર અટકશે.ધારાસભ્યશ્રીએ વિનમ્રતાપૂર્વક જણાવ્યું હતું કે, "આ સિદ્ધિ એ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના વિઝન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના અતૂટ સહયોગનું પરિણામ છે. મારો સંકલ્પ સાવરકુંડલાને માત્ર વહીવટી મથક નહીં, પણ ગુજરાતના અગ્રેસર 'ઉદ્યોગ નગર' તરીકે સ્થાપિત કરવાનો છે. આ GIDC આ વિસ્તારની આર્થિક સમૃદ્ધિનું પ્રવેશદ્વાર બનશે."આ પ્રસંગે સાવરકુંડલા ઉદ્યોગ એસોસિએશન અને શૈક્ષણિક સંસ્થાઓના આગેવાનોએ મહેશભાઈ કસવાલાની કાર્યશૈલીના મુક્ત કંઠે વખાણ કરતા જણાવ્યું હતું કે, સાવરકુંડલાને જેની દાયકાઓથી પ્રતીક્ષા હતી તે સ્વપ્ન મહેશભાઈએ સાકાર કર્યું છે. તેમની આ વિકાસયાત્રા સાવરકુંડલાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.આ નવી G I D C ના નિર્માણથી સમગ્ર અમરેલી જિલ્લો ઔદ્યોગિક ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરશે અને સ્થાનિક વેપાર-ઉદ્યોગને વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડશે. આ જીઆઈડીસીનું નિર્માણ થતાં સ્થાનિક વેપાર ઉદ્યોગને એક નવી ઊર્જા પ્રાપ્ત થશે. અને અમરેલી જિલ્લો ઔદ્યોગિક ક્ષેત્રે નવી ઊંચાઈ પ્રાપ્ત કરશે અંતમાં આભાર દર્શન કેતનભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

તારીખ : 15/01/2026







# પ્રભુ નો પ્રસાદ

આજ નો પ્રભુ નો પ્રસાદ
ના દાતા તરીકે
સ્વ.કમળાબેન જોરૂભાઈ
ખુમાણ ની આજ
મકરસંક્રાંતિ તહેવાર
નિમિત્તે તેના દિકરા
અનિરુધ્ધભાઈ જોરૂભાઈ
ખુમાણ (લીખાળા-દરબાર
શ્રી) તરફ થી આજ નો  પ્રભુ
નો પ્રસાદ(ભોજન) અને
મીઠાઈ દાતા થવા બદલ
સંસ્થા આપનો હૃદયપૂર્વક
આભાર વ્યક્ત કરે છે...
આજ ની સેવા કલ્પેશભાઈ
પટેલ,અરવિંદભાઈ
મેવાડા,નિતીનભાઈ હેલૈયા,
એ સેવા આપી હતી.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

# આજરોજ રઘુવંશી સમાજની દિકરી તેમજ જિલ્લામાં પ્રથમ ડાયેટિશન તેમજ મેન્ટલ હેલ્થ કોચ તરીકે સેવા આપી રહેલ હેત્વીબેન ગઢિયા ની ક્લિનિક પર સાવરકુંડલા લીલીયા તાલુકાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા એ મુલાકાત લઈ આશિર્વાદ આપ્યા







**તેમણે જણાવ્યું કે મોટા સિટી માં કે હોસ્પિટલમાં જે સારવાર મળી રહી છે તે હવે જિલ્લામાં પણ ઉપલબ્ધ થઈ તેની ખુશી વ્યક્ત કરી અને લોકો પણ આ સેવાનો લાભ મેળવે અને જાગૃતતા લાવે તેવી શુભ કામના પાઠવી આ તકે તેમની સાથે તાલુકા પંચાયત પ્રમુખ શ્રી જીતુભાઈ કાછડીયા તેમજ વીરદાદા જસરાજ સેના ના પ્રમુખ શ્રી હિતેશભાઈ સરૈયા પણ ઉપસ્થિત રહ્યા અને આશિર્વાદ આપ્યા**

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે
બેનર પ્રિન્ટીંગ
પ્રકાશ પ્રિન્ટર્સ
રાજ દરબારગઢ, સાવરકુંડલા
મો. 94277 42117

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શાળા સંકુલ માટે સ્ટાફ જોઇએ છે...

## શિક્ષિકા બહેનો

**P.T.C., B.A., B.Com, M.com**

**અનુભવીને પ્રથમ પસંદગી**

જરૂરી ડોકયુમેન્ટની ઝેરોક્ષ
તથા સાદી અરજી સાથે રૂબરૂ મળો..

**સાવરકુંડલા.**

**મોં. 94264 42388**

**94285 85885**

કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

# સમગ્ર આહીર સમાજનું ગૌરવ



**સાવરકુંડલા રહેવાસી બાંભણિયા વિજય બટુકભાઈ એ તાજેતરમાં લેવાયેલ AIBE (All India Bar Examination) ની પરીક્ષામાં પ્રથમ પ્રયાસે ભવ્ય સફળતા પ્રાપ્ત કરી છે. તેમની આ સિદ્ધિ બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવળ કારકિર્દી માટે અનેકગણી શુભેચ્છાઓ! કાયદાના ક્ષેત્રમાં તમે નિષ્ઠાપૂર્વક સેવા આપો અને સફળતાના શિખરો સર કરો તેવી પ્રભુ પાસે પ્રાર્થના."**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## માલામાલ કુપન સાથે એક સ્ક્રેપ કુપન "ફ્રી"

## કોન બનેગા માલામાલ-૨૦૨૬ ??

## ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




કુલ ઈનામો ૫૦૧

T & C APPLY*

...આ ઓફર તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૨૮-૦૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

## સોનિક જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 15/01/2026

# સાવરકુંડલા નગરપાલિકામાં 'સાહેબ' બદલાયા ને નિયમો બદલાયા:



## આવકના દાખલા કાઢવાનુ બંધ કરાતા દર્દીઓ અને વિધવા બહેનો સહીત પછાત વિસ્તારના લોકો હેરાન - પરેશાન

### પાલિકા અને મામલતદાર કચેરી વચ્ચે સામાન્ય જનતા અને ખાસ કરીને પછાત વિસ્તારમાં રહેતા લોકો ફૂટબોલની જેમ ફંગોળાઈ રહ્યા છે : તંત્ર દ્વારા આ પ્રશ્નનો વહેલી તકે નિકાલ લાવવામાં આવે તેવી નગરપાલિકા સદસ્ય ધર્મેન્દ્ર મહેતાની માંગ

સાવરકુંડલા નગરપાલિકામાં નવા ચીફ ઓફિસરના આગમન સાથે જ નિયમોમાં ફેરફાર કરીને આવકના દાખલા આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. અધિકારીઓના આ મનસ્વી નિર્ણયને કારણે શહેરની જનતા, વિધવા બહેનો અને જરૂરિયાતમંદ દર્દીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આ ગંભીર મુદ્દે નગરપાલિકાના જાગૃત સદસ્ય શ્રી ધર્મેન્દ્ર મહેતાએ મેદાને આવી તંત્ર સામે ઉગ્ર રજૂઆત કરી છે.વધુમા નગરપાલિકા સદસ્ય ધર્મેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે, ચીફ ઓફિસર બદલાતા જ વર્ષોથી ચાલતી આવકના દાખલાની પ્રક્રિયા અચાનક બંધ કરી દેવી તે ગેરવાજબી છે. અરજદારો જ્યારે મામલતદાર કચેરીએ જાય છે ત્યારે ત્યાં નગરપાલિકાનો દાખલો માંગવામાં આવે છે. પાલિકા અને મામલતદાર કચેરી વચ્ચે સામાન્ય જનતા અને ખાસ કરીને પછાત વિસ્તારમાં રહેતા લોકો ફૂટબોલની જેમ ફંગોળાઈ રહ્યા છે.વિધવા બહેનોને સરકારી પેન્શન અને યોજનાઓના ફોર્મ ભરવા માટે આવકના દાખલા વગર અરજી થઈ શકતી નથી.તથા દર્દીઓને ગંભીર બીમારીમાં આયુષ્માન કાર્ડ કે અન્ય સરકારી સહાય મેળવવા માટે આવકનો દાખલો પાયાની જરૂરિયાત છે.વિદ્યાર્થીઓ અને શ્રમિકોને પણ વિવિધ દાખલાઓ મેળવવામાં વિલંબ થતા અનેક સરકારી યોજનાઓના લાભથી તેઓ વંચિત રહી રહ્યા છે.ત્યારે તંત્ર દ્વારા આ પ્રશ્નનો વહેલી તકે નિકાલ લાવવામાં આવે તેવી નગરપાલિકા સદસ્ય ધર્મેન્દ્ર મહેતાની માંગ છે.

આયુર્વેદિક પર આધારિત

# B12 પાવડરનાં ફાયદા

હાથ-પગ અને પિંડી કળતી બંધ થશે.

વિટામિન B12ની ઉણપ દૂર કરશે.

પાચન શક્તિ મજબૂત થશે.

દિવસ માં આવતા અંધારા બંધ થશે.

મગજ શાંત અને સક્રિય થશે

રોગપ્રતિકારક શક્તિ વધારશે.

ચિંતા અને તણાવ ઓછો થશે.

ઘટકો :- wheatgrass, moringa, alfalfa leaves, spinach leaves

પાવડરનો ઉપયોગ :- દુધ અથવા પાણી સાથે રોજ એક ચમચી સવારે અને રાત્રે જમ્યા પછી




સમગ્ર ગુજરાતમાં કોઈ કુરિયર ચાર્જ નથી
આજે જ આયુર્વેદિક નિષ્ણાતો પાસેથી મફત માહિતી મેળવો

9638231797

# આરતી મેડિકલ

નવા બસ સ્ટેશન સામે, મહુવા રોડ, સાવરકુંડલા

કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

# સાવરકુંડલાની ગાધકડા પ્લોટ શાળામાં બાળકો દ્વારા કરુણા અભિયાન ચલાવવામાં આવ્યું.




સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામની શ્રી ગાધકડા પ્લોટ પ્રાથમિક શાળામાં કરુણા અભિયાન અંતર્ગત બાળકો દ્વારા પર્યાવરણ બચાવો તેમજ પક્ષીઓની સલામતી માટે કરુણા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. તેમજ દયા, પ્રેમ,લાગણી,કરુણા જેવા મૂલ્યોનું ઘડતર થાય તે માટે આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. અને આ બાળકો દ્વારા પક્ષીઓની સલામતી માટે પતંગ ન ચગાવવા માટે પણ સંકલ્પ લેવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય શ્રી તેમજ શિક્ષકો દ્વારા મકર સંક્રાતિ પર્વ ની ઉજવણી માટે સમજ પણ આપવામાં આવી હતી. તેવું D I Y A ~ S K ગ્રુપના કન્વીનર વિપુલકુમાર બોરીસાગર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

તારીખ : 15/01/2026

# અમરેલીમાં મંત્રી કૌશિક વેકરીયાએ પતંગ ઉત્સવ ઉજવ્યો: સાંસદ ભરત સુતરીયા સહિત કાર્યકરો જોડાયા..



14 જાન્યુઆરી 2026 બુધવારના રોજ સમગ્ર ગુજરાત રાજ્યમાં ઉત્તરાયણ પર્વની પરંપરાગત ઉજવણી ચાલી હતી. આ પાવન પર્વ નિમિત્તે અમરેલીમાં રાજ્ય કક્ષાના ઊર્જા અને કાયદા વિભાગના મંત્રી અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિક વેકરીયા અને લોકસભાના સાંસદ શ્રી ભરત સુતરીયાએ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને નાગરિકો સાથે પતંગ ઉત્સવની ઉજવણી કરી હતી. અને વિકાસની પતંગ અવિરત ઉડવાની છે તેવું પણ રાજ્યકક્ષાના મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું.



કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

# સાવરકુંડલા : ખેતાણી પરિવાર દ્વારા મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે બાળકોને મિક્સ ચીકી વિતરણ







વતન પ્રેમી દાતા - ભગવાન મહાવીર સ્વામીના અનુયાયી એવા માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન સાવરકુંડલા વાળા હાલ મુંબઈના સહયોગથી શહેરના છેવાડાના જરૂરિયાતમંદ વિસ્તારમાં મિક્સ ચીકીના પેકેટ વિતરણ કરવામાં આવેલ શહેરની નામાંકિત સેવા સંસ્થા ગુણવંત નિમાવત ટ્રસ્ટ થતાં કલા સંસ્થા જનતા સંગીત વિદ્યાલયના હોદ્દેદારો, સભ્યો દ્વારા આ સેવા કાર્ય સંપન્ન થયું. ટ્રસ્ટના પ્રમુખશ્રી હરેશભાઈ ભટ્ટ, મંત્રીશ્રી નંદલાલ જે. સાદિયા, અઠ્ઠુભાઈ ઠક્કરના માર્ગદર્શન નીચે જુદી જુદી ટીમો બનાવી શહેર ફરતે ઝૂંપડપટ્ટી ના બાળકોને વિતરણ કરવામાં આવેલ શ્રી. કે. ડી. મહેતા, પ્રકાશભાઈ ગૌસ્વામી, ધનજીભાઈ કાચા, રતિભાઈ સુરજીવાળા, મહેંદ્રભાઈ જાગાણી, બસીરભાઈ યાદવ, મૂકેશભાઈ જેઠવા સહિતના મિત્રો એ પોતાના વાહનો દ્વારા આ સેવા કાર્યમાં સહયોગ આપેલ.જરૂરિયાતમંદ પરિવારના બાળકો મિક્સ ચીકી ના પેકેટ મેળવી દાતાશ્રી તથા સ્વયં સેવકો ને મૂંગા આશીર્વાદ આપેલ માનવ સેવા ની જ્યોત કાયમ જલતી રહે તેવા આશીષ આપી શુભેચ્છાઓ પાઠવી પોતાનો રાજીપો વ્યક્ત કર્યો.

તારીખ : 15/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




## માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..

# 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

## 9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...

AR JEWELLERS

# એ.આર. જવેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%

તારીખ : 15/01/2026

# ઉત્તર પશ્ચિમ રેલવેના રેન સ્ટેશન પર ભાવનગર–હરિદ્વાર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનને મળ્યો વધારાનો ઠેરાવ



ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા બહાર પાડવામાં આવેલી સૂચના અનુસાર, જોધપુર મંડળના રેન સ્ટેશન પર ભાવનગર–હરિદ્વાર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન (19271/19272)ને પ્રયોગાત્મક આધાર પર વધારાનો ઠેરાવ આપવામાં આવ્યો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી મુજબ આ ઠેરાવની વિગતો નીચે મુજબ છે—* ટ્રેન નં. 19272 હરિદ્વાર–ભાવનગર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ, જે હરિદ્વારથી તારીખ 14 જાન્યુઆરી, 2026થી પ્રસ્થાન કરશે, તેનું રેન (R E N) સ્ટેશન પર આગમન સમય 20:43 કલાક અને પ્રસ્થાન સમય 20:45 કલાક રહેશે.* તે જ રીતે, ટ્રેન નં. 19271 ભાવનગર–હરિદ્વાર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ, જે ભાવનગરથી તારીખ 15 જાન્યુઆરી, 2026થી પ્રસ્થાન કરશે, તેનું રેન (REN) સ્ટેશન પર આગમન સમય 10:30 કલાક અને પ્રસ્થાન સમય 10:32 કલાક નક્કી કરવામાં આવ્યો છે.ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી દિનેશ વર્માએ જણાવ્યું હતું કે આ ઠેરાવ પ્રયોગાત્મક આધાર પર આપવામાં આવ્યો છે અને આગામી આદેશ સુધી અમલમાં રહેશે. આ વધારાના ઠેરાવથી રેન (R E N) સ્ટેશન તેમજ આસપાસના વિસ્તારોના મુસાફરોને આવાગમનમાં નોંધપાત્ર સુવિધા મળશે.અતુલ કુમાર ત્રિપાઠી વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધકપશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

કે.ડી NEWS

તારીખ : 15/01/2026

# મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે ખાંભા ગુરુકુળ ખાતે પતંગો નો શણગાર કરવામાં આવ્યો.




14 જાન્યુઆરી 2026 બુધવારના રોજ મકરસંક્રાંતિના પાવન દિવસે ખાંભા સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ઘનશ્યામ મહારાજને પતંગો નો શણગાર કરવામાં આવ્યો હતો અદભુત દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી અને આ દિવસે અગિયારસ પણ હોવાથી અગિયારસ ની સભા પણ યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને જય સ્વામિનારાયણ નો નાદ ગુંજી ઉઠ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 15/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે
બાઈક એક્સીડન્ટ, બાઈક સ્લીપ થવી,
ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એક્સીડન્ટ

## મફતમાં કરી આપવામાં આવશે.

શિવમ્

### ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

૨૪ કલાક ઈમરજન્સી સારવાર
ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

### ઉપલબ્ધ સુવિધાઓ

**ડો. ચિરાગ પરમાર**
M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જયાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
* કલોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

**ડો. વૈભવી પરમાર**
M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જયાં**

* ૨૭ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
* એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

કે.ડી. NEWS
તારીખ : 15/01/2026

# વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા રાજુલા ખાતે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ.



અમરેલી જિલ્લાના રાજુલામાં સંઘવી કોલેજ ખાતે દરેક યુવાનો માટે પ્રેરણા સ્ત્રોત એવા 12 જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદ જયંતિ ઊજવણી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વાર કરવામાં આવી હતી. સ્વામી વિવેકાનંદ જયંતીના દિવસે યુવા દિવસની ઉજવણી કરવામાં આવે છે ત્યારે કોલેજમાં યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં બાપા સીતારામ કોલેજ તેમજ સંઘવી કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્ય સીમાબેન રાવલએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સ્વામિનારાયણ મંદિરના મહંત હરિનંદન સ્વામી, નારાયણ સ્વામી, યુવરાજભાઈ ચાદું, બજરંગ દળ ગૌરાંગભાઈ મહેતા, વિનુભાઈ વોરા, અર્ચનાબેન જોષી, ચિરાગભાઈ જોષી, નિમેશભાઈ ઠાકર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. વકતૃત્વ સ્પર્ધામાં નંબર મેળવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વક્તૃત્વ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિદ્યાર્થીઓ ખૂબ સફળતા પ્રાપ્ત કરે અને સ્વામી વિવેકાનંદ ના વિચારો યુવાનો પોતાના જીવનમાં ઉતારે તેવી શુભકામના પાઠવવામાં આવી હતી.

તારીખ : 15/01/2026

# સાવરકુંડલાની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં બેટી પઢાઓ યોજના અન્વયે કિશોરીમેળો યોજાયો

અમરેલી તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ (ગુરૂવાર) – સાવરકુંડલા-લીલીયા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં કિશોરીઓ સાથે બેટી પઢાઓ યોજના અન્વયે કિશોરીમેળો યોજાયો હતો. આ મેળા દરમિયાન બેટી બચાવો, બેટી પઢાઓ યોજના વિષયક માહિતી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ હતુ. ઉપરાંત કિશોરીઓને હાઈજીન કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કિશોરીઓના સ્વાસ્થ્ય અને માસિક સ્વચ્છતા વિષયક પણ વિસ્તૃત માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના આર.બી.એસ.કે સ્ટાફ દ્વારા આરોગ્યની તપાસણી પણ હાથ ધરવામાં આવી હતી. જેમાં કિશોરીઓના વજન, ઊંચાઈ, એચ.બી. ટેસ્ટ સાથે બ્લડ ગૃપ ચકાસણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડોક્ટર ટીમ સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# સાવરકુંડલાના ભુવા મુકામે પ્રાથમિક શાળા ખાતે સેફ ટચ, અનસેફ ટચ અંગે જનજાગૃત્તિ સેમિનાર યોજાયો

અમરેલી તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ (ગુરૂવાર) – સાવરકુંડલા-લીલીયા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં કિશોરીઓ સાથે બેટી પઢાઓ યોજના અન્વયે કિશોરીમેળો યોજાયો હતો. આ મેળા દરમિયાન બેટી બચાવો, બેટી પઢાઓ યોજના વિષયક માહિતી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ હતુ. ઉપરાંત કિશોરીઓને હાઈજીન કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કિશોરીઓના સ્વાસ્થ્ય અને માસિક સ્વચ્છતા વિષયક પણ વિસ્તૃત

તારીખ : 15/01/2026

# અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના શતાબ્દી વર્ષના ભાગ રૂપે હરિદ્વારના શાંતિકુંજ ખાતે 14 થી 24 જાન્યુઆરી સુધી ભવ્ય કાર્યક્રમો યોજાશે.




હરિદ્વારના શાંતિકુંજ ખાતે 14 થી 24 જાન્યુઆરી 2026 સુધી ભવ્ય કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. મુખ્ય કાર્યક્રમ 21 થી 23 જાન્યુઆરી સુધી યોજાશે. આ કાર્યક્રમો અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના શતાબ્દી વર્ષના ભાગ રૂપે રહ્યા છે જે સુખાકારી અને સૌભાગ્યના સંગમના 100 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ઉજવવામાં આવી રહ્યો છે. પ્રથમ, ગાયત્રી તીર્થ પર પ્રગટાવવામાં આવેલ અખંડ દીપક (શાશ્વત દીવો) 100 વર્ષ પૂર્ણ કરી રહ્યો છે. બીજું, આ પરિવારના સ્થાપક અને નિર્દેશક માતા ભગવતી દેવી શર્માની જન્મશતાબ્દી છે. ત્રીજું, ગુરુદેવ પંડિત શ્રીરામ શર્માની તપસ્યા અને આધ્યાત્મિક સાધનાની . શરૂઆતની શતાબ્દી પણ 100 વર્ષ પૂર્ણ કરી રહી છે.દેવ સંસ્કૃતિ યુનિવર્સિટીના કુલપતિ અને અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના યુવા પ્રભારી ડૉ. ચિન્મય પંડયાના જણાવ્યા અનુસાર, કાર્યક્રમો 21 જાન્યુઆરીએ સવારના પુસ્તક મેળામાં એક સાથે 3200 પુસ્તકો હશે.આ કાર્યક્રમ દરમિયાન વિવિધ રાજ્યોના ટેબ્લો પ્રદર્શિત કરવામાં આવશે. પુસ્તક મેળો મુખ્ય આકર્ષણ રહેશે. પ્રથમ વખત શતાબ્દી વયના વ્યક્તિ દ્વારા લખાયેલા 3,200 પુસ્તકો એકસાથે પ્રદર્શિત કરવામાં આવશે.સત્રથી શરૂ થશે. પહેલા દિવસે વિચાર-પ્રેરક સત્રો, માર્ગદર્શન પ્રવચનો અને સંગઠનાત્મક બેઠકો યોજાશે. વરિષ્ઠ માર્ગદર્શકો યુગ-નિર્માણ, સામાજિક પુનર્નિર્માણ અને વ્યક્તિગત વિકાસની વિભાવના પર વિગતવાર ચર્ચા કરશે. ધ્યાન, જપ અને સામૂહિક પૂજા માટેના કાર્યક્રમો પણ હશે.બીજો દિવસ, 22 જાન્યુઆરી, ફક્ત તાલીમ અને ભાગીદારી માટે સમર્પિત રહેશે. વિવિધ વિષયો પર વર્કશોપ, સંવાદ સત્રો અને અનુભવ-આદાન-પ્રદાન કાર્યક્રમો યોજાશે.ત્રીજા દિવસે, 23 જાન્યુઆરી, સામૂહિક સંકલ્પો, ભાવિ કાર્ય યોજનાઓ અને શતાબ્દી વર્ષનો સંદેશજાહેર જનતા સુધી પહોંચાડવા માટે આહવાન કરવામાં આવશે. જેમાં ગાયત્રી માતાજી, પૂજ્ય ગુરુદેવ શ્રી રામ શર્મા આચાર્ય, વંદનીય ભગવતી માતાજીને વંદન કરી બધા ધન્યતા અનુભવશે.

કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

# હરિલાલ ઉપાધ્યાય ની આજે પુણ્યતિથિ...



હરિલાલ ઉપાધ્યાય (૨૨ જાન્યુઆરી, ૧૯૧૬ - ૧૫ જાન્યુઆરી, ૧૯૯૪) ગુજરાતી સાહિત્યકાર હતા. તેમણે ૧૦૦ કરતાં વધુ પુસ્તકો લખ્યાં છે. તેમની ગુજરાતી સાહિત્ય ક્ષેત્રની પાંચ દાયકાની સર્જન યાત્રા દરમ્યાન તેઓએ ઐતિહાસિક નવલકથાઓ, સામાજીક નવલકથાઓ, વાર્તાસંગ્રહો, જીવનચરિત્રો, શ્રી મહાભારત કથા, બાળવાર્તાઓ, કાવ્યો, નાટકો તેમ જ અન્ય વિવિધ સાહિત્ય કૃતિઓનું સર્જન કર્યું હતું.

ભાવ વધે તે પહેલા આજેજ ખરીદી કરવા પધારો....

બ્રાન્ડેડ A4 પેકેટ ₹ 175 થી શરૂ

SINCE 1923
KD
NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ,
સાવરકુંડલા મો. 9499797973

તારીખ : 15/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## સ્પેશ્યલ ઓફર

# ઘરઘંટી વસાવો

**માત્ર 25 સભ્ય વચ્ચે ડ્રો**

**ફકત રૂા. 1500 ભરીને વસાવો ઘરઘંટી**

**વિજેતાને બાકીની રકમ નહીં ભરવાની**



- 3 વર્ષની ફુલ વોરંટી
- 5 વર્ષ મોટર ગેરંટી (મોટર બદલી આપવામાં આવશે.)
- કટ્ટરની આજીવન ગેરંટી
- બાજરો દળવાની પણ ગેરંટી

# એક્યુરેટ ઈલેક્ટ્રોનિક્સ & ફર્નિચર મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ ૩૩૩૩

કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

# લીલીયામાં દવે પરિવાર દ્વારા વડીલોનું સન્માન કરવામાં આવ્યું.



અમરેલી જિલ્લાના લીલીયામાં બ્રહ્મ સમાજના 65 વડીલોના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. 70 વર્ષથી ઉપરના વડીલોની વંદના કરાઈ હતી. લીલીયામાં લેઉવા પટેલ સમાજ વાડી ખાતે સ્વ.કાંતાબેન રમણીકભાઈ દવેની ચોથી પુણ્યતિથિની ઉજવણી પ્રસંગે અતુલભાઈ રમણીકભાઈ દવે પરિવાર દ્વારા વડીલ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે સૌપ્રથમ સમગ્ર કાર્યક્રમના આયોજકઅતુલભાઈ.રમણીકભાઈ દવેએ આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સન્માન કર્યું હતું. આ તકે દવે પરિવાર દ્વારા બ્રહ્મ સમાજના 70 વર્ષથી વધારે ઉમરના 65 જેટલા વડીલોને પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિ ચિન્હ ભેટમાં આપી સન્માનિત કરવામાં આવેલ. આ પ્રસંગે પાટીદાર સમાજના અગ્રણી અરૂણભાઈ પટેલ, મગનભાઈ વિરાણી, મનસુખભાઈ ચોપડા સહિત બ્રહ્મ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે આયોજક દ્વારા ભોજનની વ્યવસ્થા રખાઈ હતી. અને વડીલોનું માર્ગદર્શન અને આર્શીવાદ સદા સમાજને મળતા રહે તેવી લાગણી પણ વ્યક્ત કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ માટે રફ ચોપડા તેમજ
લખવા માટેની કોરી પસ્તી
SINCE 1923
KD NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

## લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્ક્રીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

## બેનર

ફ્લેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ™

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

તારીખ : 15/01/2026

# બાબરા તાલુકાના રાણપર ખાતે આગામી તારીખ 22/01ના રોજ પ્રથમ સમૂહલગ્નોત્સવ યોજાશે

## શ્રીક્રિષ્ના સર્વ સેવા ટ્રસ્ટ રાજકોટ આયોજીત લગ્નમાં પાંચ નવ દંપતીઓ પ્રભુતામાં પગલાં પાડશે


ક્રિષ્નાબેન સાધુ


જયોત્સનાબેન દેશાણી


સારીકાબેન દેશાણી.

બાબરા તાલુકાના રાણપર નડાળા ગામ ખાતે આગામી તારીખ 22/01ને ગુરૂવારે શ્રીક્રિષ્ના સર્વ સેવા ટ્રસ્ટ રાજકોટ આયોજીત પ્રથમ સમૂહ લગ્નનોત્સવ યોજાશે આ પ્રથમ સમૂહ લગ્નોત્સવમાં પાંચ નવ દંપતીઓ પ્રભુતામાં પગલા પાડશે સમૂહ લગ્ન પ્રસંગે ગણેશ પૂજન, જાન આગમન, ભોજન સમારંભ, હસ્ત મેળાપ, મંગળ ફેરા, કરીયાવર વિતરણ, કન્યા વિદાય, સાધુ સંતો આશિવર્ચન, ધર્મસભા સહિતના માંગલિક પ્રસંગોની ઉજવણી કરવામાં આવશે પ્રથમ સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા માટે સારિકાબેન દેશાણી, જ્યોત્સનાબેન દેશાણી, ક્રિષ્નાબેન સાધુ, તનતોડ મહેનત કરી રહ્યાછે આતકે પૂજય વાલબાઈમાઁ શક્તિધામ ગરણી, જાનબાઈમાઁ અમધામ આશ્રમ, પૂજ્ય ભક્તિરામ બાપુ માનવ મંદિર, મહંત હરીહરાનંદગીરી બાપુ તરઘડિયા, પરેશબાપુ દેવંગી આશ્રમ રાણપર, મહંત પ્રતાપગીરી બાપુ ગોપેશ્વર મહાદેવ વગેરે સંતો, મહંતો ધર્મસભામાં ઉપસ્થિત રહી વર કન્યાને આશીવર્ચન પાઠવશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી. NEWS ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

તારીખ : 15/01/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક
## બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક
## ફોટો કેક
## અઢળક કેકની વેરાયટીઓ



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

## લાઈવ કેક
માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




એક ભાઈએ તેમના સાહેબને કીધું મારો પગાર વધારી આપો હવે મારા લગ્ન થયા છે તેમના સાહેબે જવાબ આપ્યો જો ભાઈ ઓફિસ બહારની દુર્ઘટના માટે કંપની કોઈપણ પ્રકારે જવાબદારી નથી લેતી.

---

એક ભાઈએ ખાલી સહજતાથી શું પૂછી લીધું કે કેટલી પતંગ કાપી. ભાઈએ વક્તવ્ય આપ્યું કે અમને કોઈને ગળે મળીને ગળા કાપતા નથી આવડતું.

---

લગ્ન પછી સાસુ જમાઈ ને ફોન પર - શું ચાલે છે, કુમાર ?જમાઈ - અરે અમારુ છોડો, તમારે તો હવે નિરાંત છે ને ?

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 15 જાન્યુઆરી મહત્વની ઘટનાઓ

૧૫૫૯ – એલિઝાબેથ પ્રથમની લંડનના વેસ્ટમિન્સ્ટર એબીમાં ઈંગ્લેન્ડના મહારાણી તરીકે તાજપોશી કરવામાં આવી.

૧૮૯૨ – જેમ્સ નાઈસ્મિથે બાસ્કેટબોલના નિયમો પ્રકાશિત કર્યા.

૨૦૦૧ – વિકિમીડિયા ફાઉન્ડેશન દ્વારા ઓનલાઈન મુક્ત જ્ઞાનકોશ વિકિપીડિયાની શરૂઆત કરવામાં આવી.

**જન્મ**

૧૯૨૧ – બાબાસાહેબ ભોસલે, ભારતીય વકીલ અને રાજકારણી, મહારાષ્ટ્રના આઠમા મુખ્યમંત્રી (અ. ૨૦૦૭)

૧૯૨૯ – માર્ટિન લ્યૂથર કિંગ, અમેરિકન સામાજીક કાર્યકર અને ચળવળકાર (અ. ૧૯૬૮)

૧૯૩૪ – વી. એસ. રમાદેવી, ભારતીય સનદી અધિકારી અને રાજકારણી, કર્ણાટકના ૧૩મા રાજ્યપાલ (અ. ૨૦૧૩)

૧૯૩૮ – ચુની ગોસ્વામી, ભારતીય ફૂટબોલર અને ક્રિકેટર (અ. ૨૦૨૦)

૧૯૫૬ – માયાવતી, ભારતીય રાજકારણી, ઉત્તર પ્રદેશના ૨૩મા મુખ્યમંત્રી

૧૯૮૮ – સ્ક્રિલ્લેક્સ, અમેરિકી સંગીતકાર, ગાયક અને ગીતકાર

**અવસાન**

૧૯૯૪ – હરિલાલ ઉપાધ્યાય, ભારતીય લેખક, કવિ અને જ્યોતિષી (જ. ૧૯૧૬)

૧૯૯૮ – ગુલઝારીલાલ નંદા, ભારતીય અર્થશાસ્ત્રી અને રાજકારણી, ભારતના વડા પ્રધાન (જ. ૧૮૯૮)

**તહેવારો અને ઉજવણીઓ**

ભારતીય સેના દિવસ

વાસી ઉતરાણ : ગુજરાત રાજ્યનાં મહત્વનાં શહેરો જેમ કે અમદાવાદ, વડોદરા, સુરત, ભરુચ, આણંદ, નડીઆદ, અંકલેશ્વર વગેરે સ્થળોના લોકો ઉત્તરાયણ પછી આવતા આ દિવસને પતંગ ચગાવી વાસી ઉતરાણ તરીકે મનાવે છે.

તારીખ : 15/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 15/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 15/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973